# રાષ્ટ્રીય શિક્ષણનીતિ –૨૦૨૦ સંદર્ભે કચ્છ જિલ્લાનાં પ્રાથમિક શાળાનાં શિક્ષકોની સભાનતા

**સંશોધક:**
**પાયલ ડી. પરમાર**
**માર્ગદર્શક:**
**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**

**સંશોધનના મુખ્ય તારણો:**

- કચ્છ જિલ્લાના પ્રાથમિક શાળાનાં શિક્ષકો અને શિક્ષિકાઓ એ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સભાનતા માપદંડ' પર અભિપ્રાયો અસમાન છે. શૈક્ષણિક રીતે ફલિત થાય છે કે સરાસરીના આધારે શહેર વિસ્તારના શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સંદર્ભેની વધુ સભાનતા ધરાવતા હતા.
- કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાનાં પુરુષ શિક્ષકો એ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સભાનતા માપદંડ' પર અભિપ્રાયો અસમાન છે. શૈક્ષણિક રીતે ફલિત થાય છે કે સરાસરીના આધારે ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો કરતાં શહેર વિસ્તારના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સંદર્ભેની વધુ સભાનતા ધરાવતા હતા.
- કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાનાં સ્ત્રી શિક્ષકો એ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ ની સભાનતા માપદંડ' પર અભિપ્રાયો અસમાન છે. શૈક્ષણિક રીતે ફલિત થાય છે કે સરાસરીના આધારે શહેર વિસ્તારના સ્ત્રી શિક્ષિકાઓ કરતાં ગ્રામ્ય વિસ્તારની વિસ્તારના સ્ત્રી શિક્ષિકાઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સંદર્ભેની વધુ સભાનતા ધરાવતા હતા.
- કચ્છ જિલ્લાના પ્રાથમિક શાળાનાં 10 વર્ષ કે તેથી ઓછો અને 10 વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોના 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સભાનતા માપદંડ' પર અભિપ્રાયો અસમાન છે. શૈક્ષણિક રીતે ફલિત થાય છે કે સરાસરીના આધારે 10 વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા પ્રાથમિક શાળાના શિક્ષકો કરતાં 10 વર્ષ કે તેથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષિકો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સંદર્ભેની વધુ સભાનતા ધરાવે છે.
- કચ્છ જિલ્લાના પ્રાથમિક શાળાનાં ૧૦ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા પુરુષ અને સ્ત્રી શિક્ષકોના 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સભાનતા માપદંડ' પર અભિપ્રાયો સમાન છે. શૈક્ષણિક રીતે ફલિત થાય છે કે સરાસરીના આધારે ૧૦ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા પુરુષ શિક્ષકો સ્ત્રી શિક્ષકો કરતા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સંદર્ભે વધુ સભાનતા ધરાવે છે.
- કચ્છ જિલ્લાના નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સભાનતા માપદંડ' પર અભિપ્રાયો સમાન છે. શૈક્ષણિક રીતે ફલિત થાય છે કે સરાસરીના આધારે નિમ્ન પ્રાથમિક શાળાના શિક્ષકો ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો કરતા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ સંદર્ભે વધુ સભાનતા ધરાવે છે.